પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૦ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૧, ગુરુવાર; પોષ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કૃષિ કાયદા કોઈને જકડતા નથી : મોદી

## બધા માટે વૈકલ્પિક વ્યવસ્થા છે : સરકારે જૂની મંડળી સિસ્ટમને યથાવત રાખી અને આ બજેટમાં મંડળીઓને આધુનિક બનાવવા માટે વ્યવસ્થા કરાઈ, એમએસપી ઉપર આશ્વાસન આપ્યું : લોકસભામાં વડાપ્રધાનનો ખેડૂતોને સંદેશ



નવી દિલ્હી, તા. ૧૦

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર આંદોલનકારી ખેડૂતોને સંદેશ આપ્યો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે, નવા કૃષિ કાયદાઓ કોઈને પણ જકડતા નથી, તમામ માટે વૈકલ્પિક વ્યવસ્થા હાજર છે. એટલે કે ઈચ્છાનુસાર વિકલ્પ પસંદ કરી શકે છે. સરકારે જૂની મંડળી સિસ્ટમને યથાવત રાખી છે અને આ બજેટમાં મંડળીઓને આધુનિક બનાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી. પીએમ મોદીએ એમએસપી પર પણ આશ્વાસન આપ્યું હતું.

પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાનો સાધતા કહ્યું કે વિપક્ષે કૃષિ કાયદાઓને બ્લેક લો કહેતા તેના કલર પર ચર્ચા કરી પરંતુ તેના કન્ટેન્ટ પર ચર્ચા કરી હોત તો પરિણામ સારુ આવતું. આંદોલનકારી ખેડૂતોને સંદેશ પાઠવતા પીએમ મોદીએ કહ્યું હતું કે આંદોલન કરી રહેલા તમામ ખેડૂતોની ભાવનાઓની સદન આદર કરે છે અને આ માટે જ સરકાર સતત આદરભાવથી વાત કરી રહી છે. સતત વાતચીત ચાલી રહી છે. ખેડૂતોની શંકાઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે, કંઈ ખોટ હોય તો એ બદલવા માટે તૈયાર છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# સતત વિરોધ કરતા કોંગી નેતા અધીર રંજન પર મોદી ગુસ્સે થયા

## મોદીની વાતનો જોરશોરથી વિરોધ કરતા કોંગ્રેસના સાંસદ પર વડાપ્રધાન પહેલાં હસ્યા અને પછી ચુપ કરાવ્યા

નવી દિલ્હી, તા. ૧૦

લોકસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચાનો જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા કૃષિ કાયદાથી લઈને અલગ-અલગ મુદ્દાઓ અંગે વાત કરી હતી. કૃષિ કાયદાને લઈને વડાપ્રધાન મોદી બોલી રહ્યા હતા ત્યારે કોંગ્રેસે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસી નેતા અધીર રંજન ચૌધરી ટોકવા લાગ્યા હતા. આના પર વડાપ્રધાન પહેલા તો હસ્યા અને તેમને ચૂપ કરાવ્યા હતા. મોદીએ સ્પીકરને કહ્યું હતું કે આ બધુ ચાલતું રહેવું જોઈએ પરંતુ જ્યારે અધીર રંજન વધારે ટોકવા લાગ્યા હતા તો મોદી ગુસ્સે થઈ ગયા હતા.



આ હંગામો ત્યારે થયો જ્યારે વડાપ્રધાન મોદીએ ભાષણ દરમિયાન કહ્યું હતું કે, મંડી બંધ થઈ નથી કે નથી એમએસપી બંધ થઈ. એટલું જ નહીં આ કાયદા આવ્યા બાદ એમએસપી અંતર્ગત ખરીદી વધી છે. મોદીએ કહ્યું હતું કે સરકાર ખેડૂતોની પ્રત્યેક વાત સાંભળવા માટે તૈયાર છે અને જો કોઈ પણ ઉણપ છે તો અમે તેને દૂર કરવા માટે તૈયાર છે.

અધીર રંજન ચૌધરી ઊભા થઈ ગયા હતા અને વિરોધ કરવા લાગ્યા હતા. ત્યારે વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, આ હોબાળો અને આ અવરોધ નાંખવાનો પ્રયાસ એક યોજનાબદ્ધ રણનીતિ

● અનુસંધાન પાન-૭ પર

# પીએમ થોડું ખેડૂતો માટે રડી લે : સૌગત

નવી દિલ્હી,તા.૧૦

કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ, નેશનલ કોન્ફેન્સ, સહિતના વિરોધી પક્ષોએ સરકાર પર લોકતાંત્રિક રીત-ભાતને અવગણવાનો અને ગંગા-યમુનાની પરંપરાને તોડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. લોકસભાની કાર્યવાહી રાત્રે ૧ વાગ્યા સુધી ચાલી જેમાં સત્તાપક્ષ અને વિરોધ પક્ષના ઘણાં સાંસદોએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લીધો. આજે અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચર્ચામાં ઉઠેલા સવાલ પર જવાબ આપશે, કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી બજેટ પર પોતાની પાર્ટી તરફથી પહેલા વક્તા તરીકે પોતાનો અને પાર્ટીનો પક્ષ રજૂ કરશે. આભાર પ્રસ્તાવ પર બીજા દિવસની ચર્ચા દરમિયાન વિરોધ પક્ષે કહ્યું કે કેન્દ્રને ખેડૂતોની માંગ માનીને વાતચીત કરીને વિવાદિત ખેતી કાયદા સાથે જોડાયેલા મામલાનું સમાધાન શોધવું જોઈએ. જ્યારે ભાજપે કહ્યું કે મોદી સરકાર વસુધૈવ કુટુંબકમ અને સૌનો સાથ-સૌનો વિકાસની ભાવનાથી કામ કરી રહી છે, જ્યાં એક તરફ આત્મનિર્ભર ભારત અભિયાન દ્વારા દેશને મજબૂત કરવાનું કામ થઈ રહ્યું છે તો બીજી તરફ અલગ-અલગ કલ્યાણ યોજનાઓ દ્વારા નવા ભારતના મૂળિયા રોપવાનું કામ થઈ રહ્યું છે. તૃણમુલ કોંગ્રેસના સૌગત રોયે કહ્યું કે આજે મે સાંભળ્યું કે બીજા ગૃહમાં વડાપ્રધાન કોંગ્રેસના નેતા ગુલામ

● અનુસંધાન પાન-૭ પર

# રામનગરી અયોધ્યા બનશે વર્લ્ડ ક્લાસ સિટી

## કેનેડાના એલઇએ એસોસિએટ્સને કન્સલ્ટેંસી એજન્સી તરીકે નિયુક્ત કરાઇ

લખનઉ,તા.૧૦

રામનગરી અયોધ્યાની કાયાકલ્પ કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ માટે, કેનેડાના એલઈએ એસોસિએટ્સને કન્સલ્ટેંસી એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ કંપની અયોધ્યાનો પૂર્ણ વિકાસ, નગર આયોજન, પર્યટન, સિટી એરિયા પ્લાનિંગ બનાવશે. તેમાં સી.પી.કુકરેજા અને એલએન્ડટી ભાગીદારો હશે. કન્સલ્ટન્સી કંપની બનવા માટે ૭ કંપનીઓએ બોલી લગાવી હતી.

હકીકતમાં ઉત્તર પ્રદેશ સરકાર અયોધ્યાને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવાની તૈયારી કરી રહી છે. રામ મંદિરની ભવ્યતા માટે ત્રણ કંપનીઓ સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. અયોધ્યાના સ્માર્ટ સિટી એરિયા પ્લાનિંગ, રિવર એરિયા ડેવલપમેન્ટ, હેરિટેજ, ટૂરિઝમ અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ માટે આ કરાર કરવામાં આવ્યા છે. કેનેડિયન કંપની એલઈએ એસોસિએટ્સ સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડની પસંદગી અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટીએ કરી છે.

માહિતી મુજબ ૨૬ ડિસેમ્બરે અયોધ્યા વિકાસ ઓથોરિટી દ્વારા રિક્વેસ્ટ ફોર પ્રપોજલ પ્રકાશિત કરવામાં આવી હતી. રિક્વેસ્ટ ફોર પ્રપોજલ હેઠળ ઘણી કંપનીઓએ અરજી કરી હતી. અયોધ્યા વિકાસ ઓથોરિટી દ્વારા કુલ સાત ઓફરમાંથી ૭ ટેન્ડરોની પસંદગી સ્પર્ધા માટે કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ટેન્ડર મૂલ્યાંકન સમિતિએ અયોધ્યામાં ભવ્ય વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે માટે છેલ્લી ત્રણ કંપની પર પંસદગી ઉતારી હતી. આ ત્રણ કંપનીઓમાં મેસર્સ એલઈએ એસોસિએટ્સ સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડ, મેસર્સ આઈપીઈ અને દેશના જાણીતી મેસર્સ ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સને અંતિમ સ્પર્ધા માટે પસંદ કરવામાં આવી છે.

# INS વિરાટને તોડવા ઉપર સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી

## અલંગમાં વિરાટને તોડવાની કામગીરી જારી છે : એક અરજીની સુનાવણી દરમિયાન વિરાટને તોડવા ઉપર સ્ટે, ખરીદનારને સુપ્રીમ કોર્ટ દ્વારા નોટિસ ઈશ્યુ કરાઈ

નવી દિલ્હી, તા. ૧૦

આઈએનએસ વિરાટને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. અલંગ શિપયાર્ડમાં રહેલ આઈએનએસ વિરાટને તોડવા પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણી દરમિયાન વિરાટને તોડવા પર સ્ટે આપી દીધો છે. આ મામલે સુપ્રીમ કોર્ટે ખરીદનારને નોટિસ ઈશ્યુ કરી છે. હાલ અલંગ શિપયાર્ડ બ્રેકિંગમાં વિરાટને તોડવાની કામગીરી ચાલી રહી છે. આઈએનએસ વિરાટને સંગ્રહાલયમાં બદલવાની માગ કરી હતી.

આઈએનએસ વિરાટ વર્ષ ૧૯૫૯માં બનાવવામાં આવ્યું હતું અને આ યુદ્ધ જહાજ વર્ષ ૧૯૮૭માં ભારતીય નેવીમાં સામેલ કરવામાં આવ્યું હતું. મીટર, લંબાઈ ૨૨૫ મીટર છે. અને તે વિશિષ્ટ રીતે બનાવવામાં આવેલું છે.



ઐતિહાસિક યુદ્ધ જહાજે ભારતીય નેવીમાં ત્રીસ વર્ષ સુધી સેવા બજાવી હતી.૧૮૦૦૦ ટન એલબીટી ધરાવતા આઈએનએસ વિરાટ જહાજની પહોળાઈ ૪૯

આઈએનએસ વિરાટ ભાવનગરના શ્રીરામ ગ્રૂપે ખરીદ્યું હતું. તેને અલંગમાં સ્ક્રેપ માટે તોડવાનું હતું પરંતુ તેને સંગ્રહાલય તરીકે વિકસાવવાની માંગને લઈને ઘણો વિવાદ ચાલી રહ્યો હતો જે હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. હાલ તો સુપ્રીમ કોર્ટે આઈએનએસ વિરાટને તોડવા પર રોક લગાવી છે.

ભારતનું ઐતિહાસિક યુદ્ધ જહાજ જેણે ૫૬ વર્ષ સૌથી લાંબો સમય યુદ્ધ જહાજ તરીકે સેવા આપીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું હતું. તે આઈએનએસ વિરાટ ભાવનગરના અલંગ એક્કર પોઈન્ટ પર ભંગાણ (ડિસ્મેન્ટલ) થવા માટે આવ્યું હતું. ભારતીય નૌકાદળ દ્વારા ૩૦ વર્ષ સુધી આઇએનએસ વિરાટની સેવા લેવામાં આવી હતી. આઈએનએસ વિરાટે યુ.કેમાં ૨૬ વર્ષ અને ભારતમાં ૩૦ વર્ષ એટલે કે ૫૬ વર્ષ સુધી સેવા આપેલી.

# ટનલમાં ફસાયેલાઓનો કુલ મૃત્યઆંક ૩૨ ઉપર પહોંચ્યો

## હાઈડ્રોપાવર પ્રોજેક્ટની ટનલમાં રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ, ૨૫-૩૫ મજૂરો ટનલમાં ફસાયાની શંકા

ચમોલી, તા. ૧૦

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ઋષિગંગામાં રવિવારે આવેલા જળપ્રલયથી ભારે વિનાશ થયો છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૨૦૬ લોકો લાપતા હોવાનું જણાયું છે. હાઈડ્રોપાવર પ્રોજેક્ટની ટનલમાં કામ કરી રહેલા મજૂરો ફસાયા હોવાથી રેસ્ક્યૂ ઓપરેશન પણ ચાલુ છે. ૨૫-૩૫ મજૂરો ટનલમાં ફસાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. મંગળવારે વધુ ચાર લોકોના મૃતદેહ મળ્યા હતા જેને પગલે કુલ મૃત્યુઆંક ૩૨ પર પહોંચી ગયો છે.

રેની-તપોવન દુર્ઘટનામાં વીજ પ્રોજેક્ટની ટનલમાં ત્રણ દિવસથી ફસાયેલા લોકોનું રેસ્ક્યુ ઓપરેશન કપરું બની રહ્યું છે. ટનલની અંદર પાણીના ધસમસતા પ્રવાહ સાથે કાટમાળ પણ ઘુસી ગયો છે. કાટમાળને ખસેડીને લોકોને બચાવવાની જહેમત સ્ટેટ ડિઝાસ્ટર તેમજ નેશનલ ડિઝાસ્ટર ફોર્સની ટીમ કરી રહી છે. આ ઉપરાંત લશ્કર અને આઈટબીપીના જવાનો પણ તૈનાત છે. ટનલની અંદર કાટમાળ વચ્ચે અંદર ફસાયેલા લોકો સુધી પહોંચવું ભારે મુશ્કેલીરૂપ બની રહ્યું છે.

તપોવન પાવર પ્રોજેક્ટમાં બે ટનલ છે. બે કિ.મી. લાંબી મુખ્ય ટનલ સંપૂર્ણ બંધ થઈ ગઈ છે. મુખ્ય ટનલથી ૧૮૦ મીટર લાંબી અન્ય એક ટનલ છે. આ ટનલ દ્વારા રસ્તો ખુલ્લો કરવાની કામગીરી ચાલુ છે. બીજી ટનલની સાથે એક ૪૫૦ મીટરની સંલગ્ન ટનલ પણ છે જ્યાં લગભગ ૩૦ મજૂરો ફસાયા હોવાની સંભાવના છે. જ્યારે પાંચ મજૂરો બે કિ.મી લાંબી મુખ્ય ટનલમાં ફસાયા છે. મંગળવાર સાંજ સુધી ૧૫૦ મીટર સુધી જ બચાવ ટુકડીના સભ્યો પહોંચી શક્યા હતા જેમાં જેસીબી ૧૨૦ મીટર સુધી પહોંચી શક્યું હતું.

# લાલ કિલ્લા પ્રકરણમાં વધુ એક આરોપી ઈકબાલની ધરપકડ

નવી દિલ્હી, તા. ૧૦

કેન્દ્રના નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે. ખેડૂતોએ ગત ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીમાં ટ્રેક્ટર રેલી કાઢી હતી. આ રેલી દરમિયાન હિંસા ફેલાઈ હતી અને પ્રદર્શનકારીઓ લાલ કિલ્લામાં પણ ઘુસી ગયા હતા. આ મામલે મુખ્ય આરોપી દીપ સિધૂને પકડ્યાં બાદ હવે વધુ એકની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસ અનુસાર, ઈકબાલ સિંહની સ્પેશિયલ સેલે મંગળવારે રાત્રે પંજાબના હોશિયારપુરથી ધરપકડ કરી. તેની ધરપકડ પર ૫૦ હજાર રૂપિયાનું ઈનામ રાખવામાં આવ્યું હતું.

# અલકનંદામાંની માછલીઓને હોનારતનો અણસાર હતો

નવી દિલ્હી, તા. ૧૦

અલકનંદા નદી પાસે આવેલા લાસુ ગામની રવિવારની સવાર સામાન્ય દિવસ કરતાં થોડી મંદ હતી. પરંતુ એક વિચિત્ર ઘટનાને કારણે ચહેલપહેલ શરૂ થઈ હતી. અલકનંદા નદીમાં મોટી સંખ્યામાં માછલીઓ સપાટીની નજીક આવી જતાં પાણીનો રંગ ચાંદી જેવો લાગતો હતો. સવારની ૯ વાગ્યાની આસપાસની આ ઘટનાએ કૌતુક સર્જ્યું હતું. થોડી જ ક્ષણોમાં સો જેટલા સ્થાનિકો બાસ્કેટ, ડોલ, માટલા, તવા લઈને નદી કિનારે માછલી પકડવા માટે આવી ગયા હતા. માછલીઓ એકદમ સપાટી પર હોવાથી તેમને ફિશિંગ રૉડ કે જાળ પણ અંદર નાખવાની જરૂર પડી નહોતી.

માછલીઓ મળવાની ખુશીમાં અજાણ ગામલોકોને નહોતી ખબર કે, ૭૦ કિલોમીટર ઉપરની તરફ એકાદ કલાકમાં જ હોનારત સર્જાવાની હતી. આ તેનો જ સંકેત હતો.

**અલકનંદા નદીમાં મોટી સંખ્યામાં માછલીઓ સપાટીની નજીક આવી જતાં પાણીનો રંગ ચાંદી જેવો લાગતો હતો**

ગ્લેશિયર ધસી પડવાના કારણે ધોળીગંગા નદીમાં પૂર આવ્યું હતું. રૈની ગામમાં ગાંડીતૂર થયેલી ધોળીગંગા પોતાના માર્ગમાં જે પણ આવે તેને તાણીને લઈ જતી હતી. ધોળીગંગા અલકનંદામાં જઈને મળે છે. ત્યારે નદીની નીચે તરફ રૈનીથી દૂર આવેલા વિસ્તારો જેવા કે, નંદપ્રયાગ, લંગાસુ, કર્ણપ્રયાગના લોકોએ પણ એ જ દ્રશ્ય જોયું હતું જેના લાસુવાસીઓ સાક્ષી હતા. માસીર, કાર્પ અને સ્નો ટ્રાઉટ જેવી અસંખ્ય માછલીઓ પાણીમાં ઉપરની તરફ આવી ગઈ હતી. આ માછલીઓ પાણીની અંદર ઊંડાણમાં નહીં કિનારાની નજીક તરી રહી હતી. આ માછલીઓને સૌપ્રથમ જોનારા વ્યક્તિઓ પૈકીના એક અજય પુરોહિતે અમારા સહયોગી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું, માછલીઓ હંમેશા પાણીના પ્રવાહના મધ્યમાં તરે છે. પરંતુ આ દ્રશ્ય અપવાદરૂપ હતું. તેઓ માત્ર સપાટી પર તરી રહી હતી. લંગાસુ નજીકના ગીરસા ગામમાં વાસ્તવિક દ્રષ્ટિકોણનું સ્થાન વિસ્મયે લીધું હતું. અમારા ગામમાંથી દરેક પરિવારમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિ શું ચાલી રહ્યું છે તે જોવા માટે નીકળી હતી. કોઈપણ દિવસે હાથથી માછલી પકડવાનું સંભવ નથી હોતું. પણ એ દિવસે માછલીઓ ખૂબ નજીક હતી અને ઘણી બધી હતી.



# વિદેશમંત્રી જયશંકર અને અમેરિકી વિદેશમંત્રી વચ્ચે ટેલિફોનિક ચર્ચા

ન્યુ દિલ્હી,તા.૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડને ફોન પર વાતચીતમાં ચીન અને પાકિસ્તાનને લઈને આકરૂ વલણ અપનાવ્યું હતું. એલએસીને લઈને ભારત-અમેરિકાએ ચીનને સ્પષ્ટ ચેતવણી આપી હતી. ચીનને હજી સુધી તેની કળ વળી નથી ત્યાં ભારતના વિદેશમંત્રી એસ જયશંકર અને તેમના અમેરિકી સમકક્ષ એંટોની બ્લિંકને પણ ફોન પર વાતચીત કરી હતી.

આ વાતચીત દરમિયાન હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં પ્રગતિ સાથે જ ક્વાડ અંતર્ગત સહયોગ પર ધ્યાન કેન્દ્રીય કરવામાં આવ્યું હતું.